સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૪-૪-૯૮ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

****************

ડાયરેક્ટરઓફ પ્લાનીંગશ્રીના તા. ૧૫-૧૨-૯૭ના પત્ર નં. સીમીસ/૮/૨૪ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ તેમજ આ સમિતિના ઠરાવ નં. ૫/૯૮ અનુસાર તા.૧૧-૩-૯૮ ના રોજ જગ્યા જોયા બાદ, સમિતિની સભામાં હાજર રહેલા ડાયરેક્ટર ઓફ પ્લાનીંગશ્રી અને ઈ.ચા. [redacted]ન પ્લાનરશ્રી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કર્યા બાદ, નગર રચના યોજના નં.૧૯ (કતારગામ) મુસદારૂપ નગર રચના તૈયાર કરવા નીચે જણાવેલ સુધારઓ સાથે ગુજરાત નગર રચના યોજના અને શહેરીવિકાસ અધિનિયમ ૧૯૭૬ અને તેના નિયમો ૧૯૭૯ની જોગવાઈઓ મુજબ આ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાની મંજુરી આપવાનું તથા સરકારશ્રીમાં જરૂરી પત્ર વ્યવહાર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

:::: સુધારાઓ ::::

૧. ઓ.પીનં ૩૫ માં શ્રી સ્વામી કંતારેશ્વર મહાદેવનું મંદિર તથા આશ્રમ આવેલ હોય તથા ઉપરોક્ત જમીનનો વહીવટ જાહેર ટ્રસ્ટ મારફત ચાલતો હોય ઓ.પી નં.. ની દક્ષિણે સ્થિત આર-૧૨ ''સબ સેન્ટર''નું રીઝર્વેશન રદ કરવું તથા પૂર્વે ઉત્તર દક્ષિણ દિશામાં પસાર થતા ૩૦ મીટરના રસ્તામાં સામે નકશામાં દર્શાવ્યા મુજબ ફાયનલ પ્લોટ નં. ૪૬ બી તથા ફાયનલ પ્લોટ નં.૫૦ નું ક્ષેત્રફળ કાયમ રાખી રીઝર્વેશન આર-૧૬ નું ક્ષેત્રફળ ઘટાડી ફેરફાર કરવો.

Reg No. 98
F. K. D. DUP

૨. ઓ.પી.નં.૭૯ માંથી પશ્ચિમ-પૂર્વ દિશામાં પસાર થતા ૩૦ મીટરના રસ્તા ઉપર સ્થળ પરના બાંધકામોને અસર થતી હોય સ્થળ પરનો હયાત રસ્તો ધ્યાને લઈ હયાત બાંધકામોને શક્ય તેટલી ઓછી અસર થાય તે મુજબ ૩૦ મીટરનો રસ્તો સૂચિત કરી રસ્તાથી અસર પામતા ફાયનલ પ્લોટના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવો.

૩. ફાયનલ પ્લોટ નં.૧૦૩/બી ને ''સબ સેન્ટરના હેતુ માટે રીઝર્વેશન હેઠળ સ્થિત કરવું.

૪. ઓ.પી.નં.૨૩ ની પૂર્વ દિશામાં સ્થિત આર-૧૦'કોમર્શીયલ સેન્ટર '' ના રીઝર્વેશનને સ્થાન ફેર કરી સામેલ નકશા મુજબ ''કોમર્શીયલ સેન્ટર'' ના હેતુ માટે રીઝર્વેશન સ્થિત કરવું.

૫. રેવન્યુ સર્વે નં.૨૯૨, ઓ.પી.- નં.૯૮ માં જમીન માલિકો તરફથી ટી.પી.સ્કીમનો ઈરાદો જાહેર થવાના ઘણા સમય પહેલા વિકાસ પરવાનગીની અરજી કરવામાં આવેલ હોય ઓ.પી.નં.૯૮ ને પશ્ચિમે સ્થિત આર-૨૮ ''લોકલ કોમર્શીયલ ''નું રીઝર્વેશન રદ કરવું તથા સદરહુ જગ્યામાં ફાયનલ પ્લોટ મુજબ નિયમાનુસાર સી.ઓ.પી. તરીકે ડેઝીગ્નેટ કરી આ જગ્યાનો કબજો સુરત મહાનગરપાલિકા હસ્તક રાખવા તેમજ ફાયનલ પ્લોટ નં.૯૮ ના ક્ષેત્રફળમાં
તે મુજબ થતો વધારો કરવો.

૬. ઓ.પી. નં.૬૦ માં જમીન માલિકો તરફથી ટી.પી.સ્કીમનો ઈરાદો જાહેર થવાના ઘણા સમય પહેલા વિકાસ પરવાનગીની અરજી કરવામાં આવેલ હોય ઓ.પી.નં.૬૦ માં પૂર્વે સ્થિત આર-૨૩ ''સબ સેન્ટર''નું રીઝર્વેશન રદ કરવું તથા સદરહુ જગ્યામાં ફાયનલ પ્લોટ મુજબ નિયમાનુસાર સી.ઓ.પી. તરીકે ડેઝીગ્નેટ કરી આ જગ્યાનો કબજો સુરત મહાનગરપાલિકા હસ્તક રાખવો તેમજ ફાયનલ પ્લોટ નં. ૬૦ ના ક્ષેત્રફળમાં તે મુજબ થતો વધારો કરવો.

૭. ઓ.પી.નં.૬૧ માં સુરત મહાનગરપાલિકા તરફથી વિકાસ પરવાનગી અપાયેલ હોય મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબના બાંધકામોને આર-૨૩ "સબ સેન્ટર "ના રીઝર્વેશનથી અસર થતી હોય સામેલ નકશામાં દર્શાવ્યા મુજબ રીઝર્વેશનમાં ફેરફાર કરવો તથા તે મુજબ ફાયનલ પ્લોટના ક્ષેત્રફળમાં વધારો કરવો.

૮. રેવન્યુ સર્વે નં.૨૩૦, ૨૩૧ , ૨૩૪ તથા ૨૩૫ ઓરીજીનલ પ્લોટ નં.૪૨ , ૪૩, ૪૪ તથા ૪૫ વાળી જગ્યા સુરત મહાનગરપાલિકાના સામાન્ય સભાના ઠરાવ નં.૩૫૩/ ૯૬, તા.૨૬-૭-૯૬ અન્વયે "સુડા"માં મોકલાયેલ રીવાઈઝડ વિકાસ નકશામાં સુરત મહાનગરપાલિકાના "વોટર વર્કસ"ના હેતુ માટે સ્થિત થયેલ હોય હાલ સ્થળ પર ચાલતા બાંધકામો દૂર કરવા તથા સ્થળ પર બાંધકામો ન થાય તેની તકેદારી રાખવી.

**ઠરાવ નં. ૨૧/૯૮ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૩-૪-૯૮.

MC/SMG
૫૧૮

વાદિમ/-

DOP IN No. ૫૧૮
Date ૧૫-૪-1998

15 APR 1998

ઠરાવ રજીસ્ટર ૧૯૯૮/૯૮ પાના નં....૧૦....
પર અનુ. નં ........ થી નોંધ કરી.
નોંધણી કલાર્ક.